**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૫ ટકા

# શહેરમાં કેસ વધ્યા - ભય ઘટયો

## અનલોક-૧ના પ્રથમ ત્રણ દિવસમાં શહેર અને જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસની સંખ્યામાં નોંધપાત્ર વધારો જયારે નાગરિકોમાં ભય સાવ ઘટયો છે

**ગાંધીનગર, તા.૩ સંપૂર્ણ દેશ કોરોનાની મહામારીમાંથી પસાર થઈ રહ્યો છે. માર્ચ મહિનાથી લઈ આજના દિવસ સુધી કોરોનાના પોઝીટીવ કેસની સંખ્યા વધતી જઈ રહી છે. શરૂઆતમાં આ રોગ વિશે કોઈ જાણકારી ન હોવાથી જનતામાં ડરનો ભાવ પ્રકટ થયો હતો. ત્યાં જ સાવચેતીના પગલારૂપે સરકાર દ્વારા લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. ઘરમાં જ રહીને સોશિયલ મીડિયા, સમાચારપત્રો, સમાચાર ચેનલો જેવા વિવિધ માધ્યમો દ્વારા સમગ્ર જનતાએ કોરોનાથી લડવા અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. ધીમે ધીમે સાવચેતીના પગલા અને કોરોના સામે રક્ષણ અંગેની માહિતી મળતા નગરજનોમાં કોરોના અંગેનો ડર ઓછો થતો જઈ રહ્યો છે. આયુર્વેદિક ઉકાળા કે હોમિયોપેથી દવા સાથે ઈમ્યુનિટી બુસ્ટ કરી કોરોના સામે લડવા તમામ સક્ષમ બન્યા છે અને આ ઉપરાંત આટલા દિવસ ઘરે રહીને કમાણી ન થતા અનેક હવે કોરોનાની સામે લડાઈ આપવા પોતાનું ગુજરાન ચલાવવા પણ કોરોના પ્રત્યે સભાન બની વિવિધ પ્રીકોશન્સ રાખતા થયા છે. આ કારણોસર ભલે નગરમાં કોરોનાના કેસ વધી રહ્યા છે પરંતુ આ રોગ પ્રત્યેનો ડર ઓછો થતો જણાઈ રહ્યો છે.**




**● વધતી જાણકારીના કારણે ડર ઓછો થઈ રહ્યો છે**

દુનિયામાં કોરોનાની મહામારી ચાલી રહી હતી ત્યારે ભારતમાં સૌ પ્રથમ માર્ચ મહિનામાં માનનીય વડાપ્રધાન દ્વારા આ મહામારીની ગંભીરતા અંગેની વિસ્તૃત જાણકારી આપી તેનાથી બચવા માટેના સૂચનો કરવામાં આવ્યા હતા જેથી નગરજનો આ અંગે સાવચેત થયા હતા



અને આ મહામારીથી થયેલ મોતના સમાચારથી ભયભીત પણ થયા હતા. વર્તમાન પેઢીએ આવી મહામારીનો કયારેય અનુભવ કર્યો ન હતો. ફકત પ્લેગ જેવી મહામારી અંગે જાણકારી હતી. મારા જેવી વર્કીંગ વુમન સાથે તમામ નગરજનોને પણ આ કોરોનાની મહામારી અંગે અચાનક જાણ થતા ભયનું વાતાવરણ સર્જાયું હતું. પરંતુ માર્ચ બાદ ધીમે ધીમે આ મહામારીથી દરેક વાકેફ થતા ગયા તથા તમામને ખ્યાલ આવી જ ગયો હતો કે, અમેરિકા જેવા અનેક વિકસિત દેશો પણ આ મહામારીને નાથવામાં નિષ્ફળ જઈ રહ્યા છે ઉપરાંત હજુ વેકિસન પણ શોધાઈ નથી એટલે ત્યાં સુધી સેલ્ફ ડિસિપ્લીન જ તેનો ઉપાય છે. માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ, ભીડમાં ન જવું, લોકડાઉનમાં રહેવું, રોગપ્રતિકારક શકિત વધારવી જેવા ઉપાયો સિવાય આ રોગથી બચી શકાય તેમ નથી. એકબાજુ રોગના સંક્રમણથી બચવું છે તથા બીજી બાજુ ઘર પણ ચલાવવું છે આવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા પણ વધુ છૂટછાટ આપવામાં આવતા સંક્રમણની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો ગયો પરંતુ મારા જેવી વર્કીંગ વુમન સાથે જનતા પણ સમજતી થઈ ગઈ કે આ મારામારીના સંક્રમણથી બચવા માટે વેકસીનની શોધ ન થાય ત્યાં સુધી સેલ્ફ ડિસિપ્લીન જ એક બેસ્ટ ઉપાય છે અને તેથી જ આજની તારીખમાં વધુ કેસ હોવા છતાં આ મહામારીનો ડર ઘણો ઓછો થઈ ગયો છે જે એક હકીકત છે.

**- વલ્લરી વંકાણી, ડેન્ટીસ્ટ**

**● સાવચેતી રાખવી પણ હવે વધુ જરુરી છે**

કોરોના સે ડરોના સાંભળી સાંભળી લોકડાઉનના સમયમાંથી અનલોકમાં પ્રવેશ્યા એ ઘટના સાવ તાજી છે અને સાથે જ જાણે



કોરોનાના કેસ વધે છે પણ ડર ઘટતો જાય છે એ સાચી વાત છે. કોઈ પણ વાતનો ડર ઓછો થાય એ સારી બાબત જ ગણાય. કહેવાય છે ને કે, ડર ગયા સો મર ગયા. ડર માણસને જીવતે જીવ મારી નાંખે છે. ખુશ વ્યકિત ડર પર હાવી થઈ તેને મ્હાત આપે છે. હા, પણ કોરોનાથી ન ડરીને હાલના સંજોગોમાં સાવચેતી બિલકુલ મુકાય તેમ નથી. એમાં જો ચૂક થઈ તો દરેકે ગંભીર પરિણામો સહન કરવા પડશે. માટે ડરવાનું નથી પણ સાથે સાવચેતી મુકવાની પણ નથી. સાચવીને સમજપૂર્વક સ્વ જાગૃતિથી કોરોનાનો કસમય કાઢવાનો છે.

**- નિમેષ રાવલ, ભૂતપૂર્વ લાયન્સ પ્રમુખ**

**● ઘરે બેસશે તો ખાશે શું? એ બાબતને લઈને તમામે કોરોનાને સાઈડમાં મુકયો છે**

શરૂઆતમાં કોરોના અંગેની જાણકારી ન હતી. આ વાયરસ



વિશે વધુ ડર હતો. ઘરની બહાર નીકળતા પણ દરેક ડરતા હતા. પરંતુ હાલ એમ નથી. હવે કયાં સુધી ઘરમાં બેસી રહેશે અને ઘરે બેસશે તો કમાશે શું? કમાશે નહિ તો ખાશે શું? આ બાબતને લઈને તમામે કોરોનાને સાઈડમાં મુકયો છે અને પોતપોતાના કામે લાગ્યા છે. આમ, પણ સોશિયલ મિડીયાના માધ્યમ દ્વારા ઘણી અવેરનેસ વધી છે ઉપરાંત ડોકટરોના અનુભવ પણ મદદરૂપ બન્યા છે. આ કારણોસર પણ જનતામાં કોરોના ડરનું પ્રમાણ ઘટયું છે. હવે દરેક હેલ્થ કોન્શીયસ બન્યા છે. અમારી ઈન્શ્યોરન્સ કંપનીમાં હેલ્થ ઈન્શ્યોરન્સ લેનારની સંખ્યા ઘટી છે તમામને એવું લાગે છે કે હવે તેઓ સરકારની ગાઈડલાઈન ફોલો કરી પોતાનું ધ્યાન રાખી શકશે.

**- વિકાસ પટેલ, કો-ઓનર ઓફ પાર્ટનરશીપ ફર્મ અશ્યોર પ્લસ ઈન્શ્યોરન્સ**

**● રોગ પ્રતિકારક શકિત વધારવાથી રોગો સામે લડી શકાય છે**

ભારત દેશ સાથે ગુજરાત રાજયમાં કોરોનાના કેસ દિવસે ને દિવસે વધતા જઈ રહ્યા છે. આ અંગે સરકાર દ્વારા જનજાગૃતિ, આરોગ્ય વિભાગ, આયુષ મંત્રાલય અને આરોગ્યની વિવિધ સંસ્થાઓ દ્વારા સામૂહિક પ્રયત્ન કરવામાં આવ્યો છે. શારીરિક ડિસ્ટન્સ, સજાગતા, રોગ પ્રતિકારક શકિત વધારવાના પ્રયત્ન, જરૂરી પ્રિકોશન્સ પણ મદદરૂપ થાય છે. આયુર્વેદિક ઉકાળા અને રોગ પ્રતિકારક શકિત



વધારવા માટેના ઔષધોનું વિતરણ કરવાથી વધુ ફાયદો જોવા મળ્યો છે. પ્રત્યેક મનુષ્યમાં રહેલી ઈશ્વર પ્રદત્ત રોગ પ્રતિરોધક શારીરિક અને માનસિક ક્ષમતા સાથે નેચરલ, સાત્વિક જીવનશૈલી અને તુલસી જેવી ઘર આંગણાંની ઔષધી તથા સૂંઠ, મરી, તજ, લવિંગ જેવા રસોડાના ઔષધો વગેરેને કારણે આજ સુધી પ્રત્યેક રોગ સામે રક્ષણ મળ્યું છે. મારા મતે નિયમિત યોગાભ્યાસ, સમ્યક શ્રમ, સમ્યક વિશ્રામ તથા ઋષિઓએ બનાવેલ 'હિતભૂકં મિતભૂકં ઋતભૂકં' સુત્રને જીવનશૈલીમાં અપનાવીએ તો જીવન હંમેશા સ્વસ્થ અને નિરામય રહે છે.

**- વર્ષાબેન દવે, યોગ નેચરોપથી પ્રેકટીશનર, આયુર્વેદિક વેલનેસ સેન્ટર, સે-૨૨**

**● ઘરે બેસી રહેવું એ કાયમી ઉકેલ નથી**

દરેકને મૃત્યુના નામથી ડર તો લાગે જ છે. હા, શરૂઆતમાં કોરોના નામ સાંભળીને તમામ ડરી ગયા હતા. માનનીય વડાપ્રધાનની સમય સૂચકતાને લીધે સમગ્ર દેશમાં લોકડાઉન કરવામાં આવ્યું જેના લીધે બીજા દેશોની સરખામણીએ ભારતમાં કોરોનાનું પ્રમાણ ઓછું હતું. પણ કોરોના વિશેની જાણકારીના અભાવને લીધે લોકોમાં ડરનું પ્રમાણ ઘણું વધુ હતું. શરૂઆતમાં બધા એમ જ માનતા કે કોરોના થાય એટલે મૃત્યુ જ થાય પરંતુ હવે ધીમે ધીમે ન્યુઝ, સોશિયલ મીડિયા જેવા માધ્યમથી કોરોના વિશે જાણકારી પ્રાપ્ત થઈ છે. એનાથી દૂર રહી સાવચેતીના પગલા વિશે પણ જાગૃતતા આવી ગઈ છે એટલે લોકડાઉન ખુલતા જનતાની



અવરજવર વધતા કેસનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. છતાં દરેક વ્યકિતમાં કોરોનાનો ડર ઓછો થઈ ગયો છે. હવે તમામે આ સત્ય સ્વિકારી લીધું છે કે આની કોઈ દવા નથી. ઘરની બહાર નીકળીને કામથી બહાર જવું એ પણ આપણા જીવનનો એક ભાગ છે. ઘરે બેસવું એ સમસ્યાનો ઉકેલ નથી. હવે માનસિક અને શારીરિક મજબૂત બની જવાનું છે. અને દીન પ્રતિદિન રોગપ્રતિકારક શકિતમાં વધારો કરવાનો છે. હવે કોરોનાની અપડેટસની માયાજાળમાં રહીશું તો જીવન જીવવાની મજા નહીં લઈ શકીએ. માનસિક રીતે સ્વસ્થ માણસ જ મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી શકે છે. માટે સ્વસ્થ રહો.. મસ્ત રહો...

**- પ્રફુલા પરેશ ખંધડિયા, ગૃહિણી**

**● કોરોનાથી ડરવાનું નથી લડવાનું છે**

કોરોનાથી ડરવાનું નથી આપણે સાવચેત રહેવાનું. માસ્ક પહેરવું અને પહેરાવવું અને બીજા વ્યક્તિથી ૩ ફૂટ દૂર ઉભા રહીને



વાત કરવી. રોગપ્રતિકારક શકિત વધારવા આર્યુવેદીક દવા ડોકટરની સલાહ લઈને લેવી . ગરમ પાણીના કોગળા કરવા. રોજ દિવસ માં ૨ વખત લીંબુ, આદુ, તજ, લવીંગ અને હળદર નો ગરમ પાણીમાં ઉકાળો પીવો. જ્યાં આપણે કામ માટે ગયા હોય એ જગ્યા એ હાથ સાબુ અથવા આપણી હાથને કોઈ તકલીફ ના પડે એ કેમિકલથી હાથ સાફ કરવા. જ્યા ત્યાં થુકવું નહી છીંક આવે તો મોઢા પર રૂમાલ રાખવો . જો આપણી તબિયત બરાબર ના લાગે તો ડૉકટરનો સંપર્ક કરવો. કામેથી ઘરે આવ્યા બાદ સ્નાન કરવું અને પહેરેલા કપડાં ગરમ પાણીમાં બોળી દેવા.

આ તમામ બાબતોનું ધ્યાન મેં રાખ્યું છે અને આ કાળજીના પગલાં હવે તમામ લઈ રહ્યા છે એટલે હવે કોરોનાનો ડર નથી અને જરૂર પડે તો સરકાર દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી ગાઈડ લાઈન અને સોશીયલ મીડિયાના માધ્યમથી તમામ માહિતી મળી જ જાય છે. હવે કોરોનાથી ડરવાનું નથી લડવાનું છે. આટલી કાળજી રાખીએ અને બીજાને સમજાવી એ કોરોના હારશે અને આપણે જીતીશું. ગુજરાતીઓ કોરોનાને ભગાડશે. મારું ગુજરાત આગવું ગુજરાત.

**- દર્શનાબેન સુનિલભાઈ ત્રિવેદી, રાધે થાળ**

## એટીએમ મશીનમાંથી સફેદપટ્ટીથી સાંધેલી ચલણી નોટ નીકળી!!



અત્યારે કોરોના વાયરસના સંક્રમણથી બચવા જાગૃત નાગરિકો ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળી રહ્યા છે. લાંબા લોકડાઉન પછી શરૂ થયેલા અનલોક-૧ના પિરિયડમાં બેંકોમાં પણ ગ્રાહકોનો ધસારો વધી રહ્યો છે, આ સ્થિતિમાં જે ગ્રાહકને પોતાના ખાતામાંથી માત્ર રોકડાં નાણાં ઉપાડવાના છે તે એટીએમ મશીનનો ઉપયોગ કરે તે હિતાવહ છે. જો કે આ બાબતને અનુસરીને શહેરના સેકટર-૨૧ના એક જાણીતા બેંકના એટીએમ મશીનમાં નાણાં ઉપાડવા ગયેલ એક યુવાનને એટીએમ મશીનમાંથી રૂ.૧૦૦ની નોટ સફેદ પટ્ટીથી સાંધેલી નીકળતા અચરજ થયું હતું અને હવે આ ચલણી નોટ તેની પાસેથી કોઈ સ્વીકારશે કે કેમ તે અંગે તે અવઢવમાં મુકાયો છે.



બાળકો માટે કોરોના કાળમાં સમય પસાર કરવો ખૂબ જ મુશ્કેલ બન્યો છે. વેકેશન હોવા છતાં બાળકો બાગ બગીચામાં ફરવા જઈ શકતા નથી. હરવા ફરવાના સ્થળો બંધ હોવાથી અને કોરોનાનો ભય હોવાથી બાળકોને ફરજીયાત ઘરમાં જ રહેવું પડે છે. શ્રમિકોના બાળકોની પણ આ જ સ્થિતિ છે. જો કે બધા જ બાળકો માટે મોબાઈલ એક હાથવગુ રમતનું સાધન છે. સ્માર્ટફોનમાં રમાતી વિવિધ રમતો અને અવનવા વીડિયો જોઈ બાળકો સમય પસાર કરી રહ્યા છે.

## 'દો ગજ કી દૂરી' જાળવવા ચા વાળાનો જુગાડ....!!



ગાંધીનગર, તા.૩

શહેરમાં અનલોક-૧નો પ્રારંભ થઈ ગયો છે પરંતુ તે સાથે સાથે કોરોના પોઝિટિવ કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે તે ચિંતાજનક બાબત છે. આ સ્થિતિમાં નાગરિકોએ આરોગ્ય વિભાગની ગાઈડલાઈનનું પાલન ગંભીરતાથી કરવુ જરુરી બન્યું છે. દરેક વ્યકિતની સલામતી હવે તેના પોતાના હાથમાં છે અને દરેક નાગરિકે આ સલામતીનું ધ્યાન રાખવું તે તેની ફરજ પણ છે. આમ છતાં શહેરમાં અનેક નાગરિકો તેમજ સરકારી અધિકારીઓ સુધ્ધાં આ બાબતે લાપરવાહી દાખવતા જોવા મળી રહ્યા છે ત્યારે સેકટર-૧૧માં અખબારભવન પાછળ ચાની કિટલી અને બિસ્કીટ-નમકીન વગરેનો ગલ્લો ચલાવતા શ્રમજીવી વેપારી જગદીશભાઈ મોદીએ તેમની દુકાન ફરતે 'દો ગજ કી દૂરી' જાળવવા દોરીઓ બાંધી લક્ષ્મણરેખા ઉભી કરવા ઉપરાંત ગ્રાહકો સાથે વસ્તુ અને પૈસાની લેવડ દેવડ કરવા એક લાંબી લાકડીના છેડે ગળણી બાંધી તેનો ઉપયોગ કરવાનો નુસ્ખો અજમાવ્યો છે જેની પ્રસંશા તેમના ગ્રાહકો કરી રહ્યા છે.



પાછલા ઘણા વર્ષોમાં ગાંધીનગર શહેર તો વિકસ્યું પણ તેની સામે ઘણા બધા વૃક્ષોનો ભોગ લેવાયો. એક સમયનું હરિયાળું નગર તેની આ ઓળખ ગુમાવી ચુકયું છે. આ વર્ષે તો લોકડાઉનના લીધે જાહેરમાં કચરો બાળવાની ઘટના ઓછી બની છે અને તેને લીધે વૃક્ષોને થતું નુકસાન પણ ઓછું થયું છે. ઉપરાંત જાહેરમાં કચરો બાળવાની મનાઈ હોવા છતાં વારંવાર મુખ્ય માર્ગોની આસપાસ જ કચરો બાળવામાં આવે છે. સેકટર-૧૬માં લો કોલેજની પાછળ આવેલી વનવિભાગની ઝાડીઓમાં કોઈ શખ્સે કચરો બાળતા આખેઆખું વૃક્ષ જ સળગવા લાગ્યું હતું. આ રીતે કચરો સળગાવવા જતા વૃક્ષો પણ બળી જાય છે અને તેના લીધે જમીનમાં રહેલ પોષકતત્વો પણ નાશ પામે છે. મહામહેનતે આસપાસના લોકોએ પાણીનો છંટકાવ કરીને આગને ઓલવી વૃક્ષને બચાવ્યું હતું.

## આઈઆઈટીઈના તમામ કોર્સમાં પ્રવેશ માટેની 'આઈથ્રીટી' પરીક્ષા ૧૨મી જુલાઈએ લેવાશે

ગાંધીનગર, તા.૩

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન તથા તેને સંલગ્ન તમામ બી.એડ. કોલેજોમાં ચાલતા વિવિધ સ્નાતક, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તથા એમ.ફિલ. અને પીએચ.ડી. જેવા સંશોધનાત્મક કાર્યક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ખાસ પ્રવેશ પરીક્ષા 'આઈથ્રીટી'નું આયોજન કરવામાં આવશે. આ પરીક્ષા આગામી ૧૨ જુલાઈના રોજ લેવાશે.

આ વિશે માહિતી આપતા આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, 'જે વિદ્યાર્થીઓ શિક્ષક તરીકે અને શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા હોય તેમણે ધો. ૧૨ કે સ્નાતક કે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના અંતિમ વર્ષના રીઝલ્ટની રાહ જોવાની જરૂર નથી. તેઓ ઓનલાઈન એપ્લિકેશન કરી શકશે અને આઈ.આઈ.ટી.ઈ.ના અભ્યાસક્રમોમાં એડમિશનની પ્રક્રિયા 'આઈથ્રીટી'ના મેરિટને આધારે કરવામાં આવશે. જે પ્રકારે એન્જિનિયરિંગ અને મેડિકલ જેવા અન્ય પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓના અભિગમ અને ક્ષમતા પ્રવેશ પરીક્ષા મારફતે ચકાસવામાં આવે છે, તે જ પ્રકારે શિક્ષક બનવા માટેના વ્યાવસાયિક અભ્યાસક્રમ માટે પ્રવેશ પરીક્ષા 'આઈથ્રીટી' લેવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, 'આઈથ્રીટી' પરીક્ષામાં ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓની ગણિત, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનની સમજની ચકાસણી થશે. જ્યારે બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સ્નાતક કક્ષાની સજ્જતાની ચકાસણી કરવામાં આવશે. 'આઈથ્રીટી' પરીક્ષા માટેની એપ્લિકેશન આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ પર ઓનલાઈન કરવાની રહેશે. તા. ૧૦ જૂનથી શરૂ થનારી ઓનલાઈન એપ્લિકેશન ૬ જુલાઈ સુધી કરી શકાશે.

### ચિરવિદાય

- સ્વ. નાગજીભાઈ અરજણભાઈ રબારી, ઉ.વ. ૬૪, મુ. જુના પાલજ
- સ્વ. ચંપાબેન મોહનભાઈ રાવળ, ઉ.વ. ૬૦, મુ. ગોકુલપુરા, સે-૧૪



ચોમાસાની સીઝન હવે ટૂંક સમયમાં શરૂ થવાની છે. વળી આ વખતે તો ચોમાસાના બધા મહિનામાં સારા વરસાદની આગાહી કરવામાં આવી છે. કોરોનાના કહેર સાથે જો વરસાદ વધુ પડે અને વરસાદી પાણીનો નિકાલ ન થાય તો પણ સમસ્યા વધી જાય માટે વરસાદ શરૂ થાય તે પહેલા વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી શરુ કરવામાં આવી છે. શહેરમાં ઠેર ઠેર બનાવેલી વરસાદી પાણીની લાઈનોની સાફસફાઈ સફાઈ કર્મીઓએ શરૂ કરી છે. વરસાદી પાણી શહેરમાં ભરાય નહીં તે માટે સાવચેતીના પગલાંરૂપે આ કામગીરી શરુ કરવામાં આવી છે.